

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 340
Dt.: 15-10-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa



EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### નંદ કિશોર યાદવની ટિકિટ કાપવામાં આવી

# બિહારમાં ૭૧ બેઠકો પર ભાજપે જાહેર કર્યા ઉમેદવારોના નામ

## સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, તારકિશોર પ્રસાદ, રેણુ દેવી, પ્રેમ કુમાર, મંગલ પાંડે જેવા નામો પ્રથમ યાદીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના,

ભારતીય જનતા પાર્ટીએ બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે પોતાની પ્રથમ યાદી જાહેર કરી છે. પહેલી યાદીમાં ૭૧ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સમ્રાટ ચૌધરી, વિજય કુમાર સિંહા, તારકિશોર પ્રસાદ, રેણુ દેવી, પ્રેમ કુમાર, મંગલ પાંડે જેવા નામો પ્રથમ યાદીમાં છે.

ભાજપે ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે પોતાની પહેલી યાદી જાહેર કરી છે, જેમાં કુલ ૭૧ ઉમેદવારોના નામ છે. પાર્ટીના વરિષ્ઠ નેતા સમ્રાટ ચૌધરીને તારાપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. રામ કૃપાલ યાદવને પણ દાનાપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

યાદી મુજબ, નંદ કિશોર યાદવની ટિકિટ કાપવામાં આવી છે. રત્નેશ કુશવાહાને પટના સાહિબથી ચૂંટણી લડવાની તક આપવામાં આવી છે. આ યાદીમાં કુલ ૭૧ ઉમેદવારોના નામ છે. NDAમાં બેઠકોની વહેંચણી પછી ભાજપને ૧૦૧ બેઠકો મળી છે. બાકીની બેઠકો માટેના ઉમેદવારોની જાહેરાત બીજી યાદીમાં કરવામાં આવશે. નંદ કિશોર યાદવ ઉપરાંત, રીગાથી મંત્રી મોતીલાલ પ્રસાદની ટિકિટ કાપવામાં આવી છે. ઔરાઈથી રામસૂરત રાયની ટિકિટ કાપવામાં આવી છે. MLC અને આરોગ્ય પ્રધાન મંગલ પાંડેને સિવાનથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

યાદીમાં અન્ય અગ્રણી નામોમાં રેણુ દેવી (બેતિયા), પ્રમોદ કુમાર સિંહા (રક્સૌલ), શ્યામબાબુ પ્રસાદ યાદવ (પિપરા) અને નીતિશ મિશ્રા (ઝંઝારપુર)નો સમાવેશ થાય છે.

કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક બાદ આ યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, ગૃહ પ્રધાન અમિત શાહ અને અન્ય વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા. બિહાર વિધાનસભા ચૂંટણીનો પ્રથમ તબક્કો ૬ નવેમ્બરે ૧૮ જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો માટે યોજાશે. જાહેરનામું બહાર પડતાની સાથે જ નામાંકન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. નામાંકન માટેની છેલ્લી તારીખ ૧૭ ઓક્ટોબર છે, જ્યારે નામાંકન પત્રોની ચકાસણી ૧૮ ઓક્ટોબરે થશે. ઉમેદવારો ૨૦ ઓક્ટોબર સુધી પોતાનું ઉમેદવારી પત્ર પરત ખેંચી શકે છે. પ્રથમ તબક્કામાં ૧૮ જિલ્લાઓની ૧૨૧ વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ જિલ્લાઓમાં પટના, ભોજપુર, બક્સર, ગોપાલગંજ, સિવાન, સારણ, મુઝફ્ફરપુર, વૈશાલી, દરભંગા અને સમસ્તીપુરનો સમાવેશ થાય છે. તે સિવાય મધેપુરા, સહરસા, ખગડિયા, બેગુસરાય, મુંગેર, લખીસરાય, શેખપુરા અને નાલંદામાં પણ મતદાન થશે.

### અદાણી અને ગૂગલે કરી ડીલ

# વિશાખાપટ્ટનમમાં દેશનું સૌથી મોટું ડેટા સેન્ટર કેમ્પસ બનાવાશે

## વિશાખાપટ્ટનમમાં ગૂગલના એઆઈ હબ ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરી માટે આશરે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)વિશાખાપટ્ટનમ

અદાણી એન્ટરપ્રાઈઝ અને એજ કોનેક્સ (EdgeConneX)ની જોઈન્ટ વેન્ચર કંપની AdaniConneX અને ગૂગલે આજે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમમાં ભારતના સૌથી મોટા AI ડેટા સેન્ટર કેમ્પસ અને નવા ગ્રીન એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે મહત્ત્વની ભાગીદારીની જાહેરાત કરી છે. વિશાખાપટ્ટનમમાં ગૂગલના એઆઈ હબ ગીગાવોટ-સ્કેલ ડેટા સેન્ટરની કામગીરી માટે પાંચ વર્ષ (૨૦૨૬-૨૦૩૦)માં આશરે ૧૫ અબજ ડોલરનું રોકાણ કરશે, જે ભારતમાં સૌથી વધુ માગ ધરાવતા એઆઈ વર્કલોડને ઓપરેટ કરવા મજબૂત સબ-સી કેબલ નેટવર્ક અને ક્લિન એનર્જી દ્વારા સપોર્ટેડ હશે. આ ડીલ અદાણી કોનેક્સ અને એરટેલ સહિતના ઈકોસિસ્ટમ ભાગીદારોની ભાગીદારી વધુ મજબૂત બનાવશે.

અદાણીકોનેક્સ સાથે જોડાણમાં વિકસાવવામાં આવેલા ગૂગલ એઆઈ હબના પાયાના સ્તંભોમાં વિશાખાપટ્ટનમમાં હેતુ-નિર્મિત એઆઈ ડેટા સેન્ટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે, જે ભારતની એઆઈ ક્ષમતામાં પરિવર્તન લાવશે. આ પ્રોજેક્ટ બંને કંપનીઓની ટકાઉપણું પ્રત્યેની પ્રતિબદ્ધતા પર સ્થાપિત છે. જે આંધ્રપ્રદેશમાં નવી ટ્રાન્સમિશન લાઈન, ક્લિન એનર્જી પ્રોડક્ટ્સ અને ઈનોવેટિવ એનર્જી સ્ટોરેજ સિસ્ટમ વિકસાવવા સંયુક્ત રોકાણ કરશે. આ રોકાણ ડેટા સેન્ટરની કામગીરીને ટેકો આપવા ઉપરાંત ભારતના વીજ ગ્રીડની ક્ષમતામાં પણ વધારો થશે. અદાણી જૂથના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, અદાણી જૂથ આ ઐતિહાસિક પ્રોજેક્ટ માટે ગૂગલ સાથે પાર્ટનરશીપ કરવા બદલ ઉત્સુક છે. જે ભારતના ડિજિટલ લેન્ડસ્કેપના ભવિષ્યને નવી વ્યાખ્યા આપશે. તે ફક્ત માળખાગત સુવિધામાં રોકાણ જ નહીં, પણ ઉભરી રહેલા રાષ્ટ્રમાં રોકાણ છે. આ ભાગીદારી રાષ્ટ્ર નિર્માણના અમારા સહિયારા દ્રષ્ટિકોણ અને ૨૧મી સદીના સાધનોથી દરેક ભારતીયને સશક્ત બનાવવાની અમારી પ્રતિબદ્ધતાનો પુરાવો છે. વિશાખાપટ્ટનમ હવે ટેકનોલોજી માટે ગ્લોબલ હબ બનવા માટે તૈયાર છે. આ અંગે ગૂગલ ક્લાઉડના સીઈઓ થોમસ કુરિયને જણાવ્યું હતું કે, એઆઈના યુગમાં ભારતની વ્યાપક ક્ષમતાઓને અનલોક કરતાં અમે ગૂગલ એઆઈ હબમાં રોકાણ કરી રહ્યા છીએ. જે બિઝનેસ, રિસર્ચર્સ, અને ક્રિએટર્સને એઆઈ સાથે સંચાલન અને ગ્રોથ હાંસલ કરવા મંચ પૂરું પાડશે. અદાણી સાથે મળી અમે અત્યાધુનિક સંસાધનોની મદદથી સમુદાયો અને ગ્રાહકોને નજીક લાવીશું. તેમને વૈશ્વિક સ્તરે ઈનોવેશન કરવા માટે પર્ફોર્મન્સ, સિક્યોરિટી અને સ્કેલેબિલિટી પ્રદાન કરીશું.

આ એઆઈ હબ અને કનેક્ટિવિટી ગેટવેનો વિકાસ આંધ્રપ્રદેશ રાજ્યના વિશાખાપટ્ટનમ અને ત્યારબાદ સમગ્ર દેશમાં ડિજિટલ સમાવેશને વેગ આપશે. ટેકનોલોજી, બાંધકામ અને ક્લિન એનર્જીમાં હજારો નોકરીઓનું સર્જન કરીને આર્થિક વિકાસ માટે એક શક્તિશાળી એન્જિન સાબિત થશે.

# પાકિસ્તાનના PM સામે જ ટ્રમ્પે ભારત-PM મોદીના કર્યા વખાણ

**ઈજિપ્તમાં ગાઝા શાંતિ અંગે આયોજિત સંમેલનમાં ટ્રમ્પે કહ્યું કે, ભારત અને પાકિસ્તાન હવે એક બીજા સાથે સારી રીતે રહેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈજિપ્ત,

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ઈજિપ્તમાં ગાઝા શાંતિને લઈને આયોજિત સંમેલનમાં ભારત અને પીએમ મોદીના વખાણ કર્યા. તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાન હવે ખુબ સારી રીતે એકસાથે રહેશે. આ દરમિયાન મંચ પર પાછળ ઊભેલા પાકિસ્તાનના પ્રધાનમંત્રી શહબાઝ શરીફ તરફ વળ્યા અને પૂછ્યું- બરાબર ને?

જેના પર પાકિસ્તાનના પીએમ શરીફે માથું હલાવીને હા પાડી. જેનાથી કાર્યક્રમમાં હાજર નેતાઓ અને મીડિયામાં હળવી હસી છૂટી. જેનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. પોતાના સંબોધનમાં ટ્રમ્પે કેમેરા તરફ હસતા કહ્યું કે, ભારત એક મહાન દેશ છે જ્યાં ટોપ પર છે તે મારા એક ખુબ સારા મિત્ર છે અને તેમણે શાનદાર કામ કર્યું છે. મને લાગે છે કે પાકિસ્તાન અને ભારત સાથે મળીને ખુબ સારી રીતે રહેશે. અત્રે જણાવવાનું કે ટ્રમ્પ કે જેઓ ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફતાહ અલ સીસી સાથે સંયુક્ત રીતે ગાઝા શાંતિ શિખર સંમેલનની અધ્યક્ષતા કરતા હતા તેમણે પાકિસ્તાનના સૈન્ય નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે ક્ષેત્રીય શાંતિ સારા મિત્રોના સારા કામ પર નિર્ભર કરે છે. તેમણે પાછળ ઊભેલા શહબાઝ શરીફ તરફ ઈશારો કરતા મજાકીય અંદાજમાં કહ્યું કે તેઓ તેને સંભવ બનાવવામાં મદદ કરશે, બરાબર ને?

અમેરિકી રાષ્ટ્રપતિએ પાકિસ્તાનના પ્રધાનમંત્રીને શિખર સંમેલનને સંબોધન કરવા માટે પણ આમંત્રિત કર્યા. પોતાના ભાષણમાં શહબાઝ શરીફે વળી પાછો એકનો એક રાગ આલાપતા ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ રોકવાનો શ્રેય ટ્રમ્પને આપ્યો. તેમણે કહ્યું કે, જો આ સજ્જન પોતાની અદભૂત ટીપ સાથે તે ચાર દિવસ દરમિયાન હસ્તક્ષેપ ન કરત તો બંને પરમાણુ દેશો વચ્ચે યુદ્ધ એ સ્તર સુધી આગળ વધી શકતું હતું જ્યાં કોઈ પણ એક બતાવવા માટે જીવિત ન રહેત કે શું થયું. આ અગાઉ ટ્રમ્પે એકવાર ફરીથી ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયરની ક્રેડિટ પોતાને આપી દીધી. તેમણે ઈઝરાયેલી સંસદ નેસેટમાં પોતાના ભાષણના સમાપનમાં દાવો કરતા તેને એ આઠ વિવાદમાંથી એક ગણાવ્યું જેને તેમણે ઉકેલ્યા હતા. વાત જાણે એમ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૦ મેના રોજ થયેલા સીઝફાયર બાદ ટ્રમ્પ સતત તેની ક્રેડિટ લઈ રહ્યા છે. જો કે ભારતે વારંવાર સ્પષ્ટ કર્યું કે આ સમજૂતિ બંને સેનાઓના DGMO ની વાતચીત બાદ થઈ. તેમાં કોઈ ત્રીજા પક્ષનો હસ્તક્ષેપ નહતો. ભારતે આ સંમેલનમાં કિર્તી વર્ધન સિંહ વિદેશ રાજ્યમંત્રીના માધ્યમથી પોતાની હાજરી નોંધાવી. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિશેષ દૂત તરીકે સામેલ થયા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રંધીર જૈસ્વાલે એક્સ પર કહ્યું કે ભારત આ ઐતિહાસિક શાંતિ સમજૂતિનું સ્વાગત કરે છે અને આશા કરે છે કે તે વિસ્તારમાં સ્થાયી શાંતિ લાવશે. પીએમ મોદીએ પણ ટ્રમ્પના સાઝા યુદ્ધ વિરામ યોજનામાં શાંતિ લાવવાના પ્રયત્નોના વખાણ કર્યા. તેમણે કહ્યું કે બે વર્ષથી હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા અંતિમ બચેલા ૨૦ લોકોને આજે પહેલા તબક્કામાં મુક્ત થઈને ઘરે પાછા ફરવાની પ્રક્રિયા પૂરી થઈ. ટ્રમ્પે આ સંમેલનમાં વૈશ્વિક નેતાઓ સાથે ગાઝા યુદ્ધ વિરામ સમજૂતિ પર સહી કરી. શિખર સંમેલનમાં આરબ અને મુસ્લિમ દુનિયાના અનેક દેશો સામેલ થયા અને ટ્રમ્પે તેને મધ્ય પૂર્વ માટે એક નવો અને સુંદર ગણાવ્યા.

# CJI ગવઈએ રૂ.૧000 કરોડના કૌભાંડ કેસમાં EDની ઝાટકણી કાઢી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સ્ટેટ માર્કેટિંગ કોર્પોરેશન (TASMAC) સાથે સંબંધિત કથિત ૧૦૦૦ કરોડના કૌભાંડ કેસ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની આકરી ઝાટકણી કાઢી છે. મંગળવારે (૧૪ ઓક્ટોબર) મુખ્ય ન્યાયાધીશ બી.આર.ગવઈ અને જસ્ટિસ વિનોદ ચંદ્રનની બેન્ચે આ મામલે સુનાવણી કરી હતી. કોર્ટે EDની કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'શું તમે પોલીસના અધિકારોમાં દખલ નથી કરી રહ્યા? શું રાજ્ય પોલીસ આ કૌભાંડની તપાસ નહોતી કરી શકતી, EDનો હસ્તક્ષેપ જરૂરી હતો? રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા કોણ જુએ છે? આનાથી સંઘીય માળખા પર શું અસર થશે?' CJI ગવઈએ કહ્યું કે, 'મેં છેલ્લા છ વર્ષોમાં ઘણા કેસોમાં EDની તપાસ જોઈ છે, પરંતુ હું તેના પર કંઈ કહેવા માંગતો નથી, નહીંતર ફરી સોશિયલ મીડિયા પર ચર્ચાનો મુદ્દો બની જશે.'

ઉલ્લેખનીય છે કે, EDએ માર્ચમાં દારૂની બોટલોની કિંમત વધારવા, ટેન્ડરમાં હેરાફેરી અને લાંચરુશ્વતના આરોપોને લઈને TASMACના ચેન્નાઈ સ્થિત હેડક્વાર્ટરમાં દરોડા પાડ્યા હતા અને કમ્પ્યુટર સહિત અન્ય સામગ્રી જપ્ત કરી હતી.

TASMAC તરફથી હાજર થયેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કાર્યવાહી પર સવાલ ઉઠાવીને દલીલ કરી હતી કે, 'ઈડી સરકારી સંસ્થા પર કેવી રીતે દરોડા પાડી શકે, જ્યારે તપાસનો આદેશ ખુદ TASMACએ જ આપ્યો હતો.

મેનેજિંગ ડિરેક્ટરને ત્યાં દરોડા પાડવામાં આવ્યા, એફઆઈઆર નોંધાઈ, સાથે ઈએસઆઈઆર પણ થઈ ગઈ. આ કેસ કેટલાક સમયમાં જ બંધ થઈ શકે છે. આપણે નિર્ણય લેવો પડશે કે, આપણે શું કરવાનું છે અને શું નહીં અને ઈડી શું કરી રહી છે.

ઈડીએ કોમ્પ્યુટર પણ જપ્ત કર્યા છે, જે ખૂબ જ આશ્ચર્યજનક વાત છે.'જવાબમાં EDના એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ દલીલ કરી હતી કે, TASMAC પર મોટા પાયે છેતરપિંડી થઈ રહી હતી અને ૪૭ એફઆઈઆર નોંધાઈ છે.

તો સિબ્બલે દાવો કર્યો કે મોટાભાગની એફઆઈઆર બંધ થઈ ચૂકી છે. તેમણે કહ્યું કે, જો ઈડી પાસે છેતરપિંડીની કોઈ માહિતી હતી તો તેઓ સ્થાનીક પોલીસને પણ માહિતી શેર કરી શકતી હતી.

ASG રાજુની દલીલો પર CJI ગવઈએ ફરી પૂછ્યું કે, શું ઈડીની કાર્યવાહી રાજ્યના તપાસ કરવાના અધિકારોનું અતિક્રમણ નથી?

# GST બાદ મિડલ ક્લાસ માટે ગુડ ન્યૂઝ! RBI કરી શકે છે મોટી જાહેરાત



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આ વર્ષના અંત સુધીમાં અમેરિકા દ્વારા ૫૦% ટેરિફ લાગુ રહેવાની સ્થિતિમાં ભારતીય રિઝર્વ બૅંક ડિસેમ્બરમાં યોજાનારી મોનિટરી પોલિસીમાં ગુડ ન્યૂઝ આપી શકે છે. અહેવાલ પ્રમાણે કેન્દ્રીય બૅંક (RBI) ડિસેમ્બરમાં પોલિસી રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. આ ઘટાડા બાદ રેપો રેટ ઘટીને ૫.૨૫% થઈ જશે. મંગળવારે એ અહેવાલમાં આ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ફુગાવો વર્ષોના પોતાના સૌથી નીચા સ્તરે આવી ગયો છે, જેના કારણે RBIને મોનિટરી પોલિસીમાં ઢીલ આપવાનો વધુ અવકાશ મળી ગયો છે.

HSBC દ્વારા સંકલિત કરવામાં આવેલા ડેટા પ્રમાણે સરકાર ઈકોનોમિક ગ્રોથને વેગ આપવા માટે નવા આર્થિક સુધારાની સાથે-સાથે તેમજ એક્સપોર્ટ્સ માટે એક રાહત પેકેજનું એલાન કરી શકે છે. સપ્ટેમ્બરમાં ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) ફુગાવો વાર્ષિક ધોરણે ૧.૫ ટકા હતો, જે જૂન ૨૦૧૭ પછીનો સૌથી નીચો છે, કારણ કે ખાદ્યપદાર્થોના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

GST રિફોર્મ્સને ફુગાવાનું એક કારણ ગણાવવામાં આવી રહ્યું છે. બીજી તરફ અહેવાલ પ્રમાણે ફુગાવામાં ઘટાડો મુખ્યત્વે શાકભાજીના ભાવમાં ઘટાડો, અનાજનું સારું ઉત્પાદન અને પૂરતા પ્રમાણમાં ખાદ્ય સંગ્રહને કારણે થયો હતો. ખાદ્ય પદાર્થોના ભાવમાં વાર્ષિક અને ક્રમિક બંને રીતે ઘટાડો નોંધાયો છે. ઓગસ્ટમાં ભારે વરસાદને કારણે શાકભાજીના ભાવમાં વધારો થયા પછી, ભાવમાં ફરી ઘટાડો નોંધાયો છે.

અનાજ અને કઠોળના ભાવમાં પણ માસિક ઘટાડો જોવા મળ્યો, જેનાથી એકંદર ફુગાવાના દબાણમાં ઘટાડો થયો છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં સરેરાશ મોંઘવારી ૧.૭% હતી, જે આરબીઆઈના ૧.૮%ના અંદાજ કરતાં થોડી ઓછી છે.

જોકે, સોનાના ભાવમાં અતિશય વધારાના કારણે હેડલાઈન CPI ઊંચી બની રહી, જે સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે લગભગ ૪૭% વધી હતી. હેડલાઈન CPIમાં સોનાનું જ યોગદાન આશરે ૫૦ બેસિસ પોઈન્ટનું હતું. HSBCએ જણાવ્યું કે, કોર ફુગાવાના તેના પસંદગીના માપદંડ ત્રિમાસિક ગાળા દરમિયાન ૩.૨% પર સ્થિર રહ્યું, જેમાં ખોરાક, ઊર્જા, રહેઠાણ અને સોનાનો સમાવેશ નથી. અહેવાલમાં જણાવાયું છે કે, ઑક્ટોબરમાં ફુગાવો ૧%થી નીચે આવવાની શક્યતા છે, અને મહિનાના પ્રથમ ૧૦ દિવસમાં શાકભાજીના ભાવમાં ૩થી ૫ ટકા ઘટાડો થશે. તેલના નીચા ભાવ અને ચીનથી સસ્તી નિકાસથી પણ આગામી મહિનાઓમાં મોંઘવારી પર નિયંત્રણ રહેવાની આશા છે.

### અટલજીના સમયે આપણે ફીલ ગુડ જોઈ લીધુ છે

# ભાજપે ફીલ ગુડમાં ન રહેવું જોઈએ : ગિરિરાજ સિંહ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહાર ચૂંટણી પહેલા એનડીએ અને મહાગઠબંધન બંનેમાં દિગ્ગજ ચહેરાઓની નારાજગી હવે ધીરે ધીરે ખુલીને સામે આવી રહી છે. આ કડીમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા ગિરિરાજ સિંહે ભાજપના ઉમેદવારોની પસંદગી અંગે મોટું નિવેદન આપ્યું છે. એનડીએની સીટ ફાળવણી અંગે સતત ચાલી રહેલી બેઠકથી દૂર હોવાના સવાલ પર ગિરિરાજ સિંહે કહ્યું કે બેઠકમાં જે દેખાવા જોઈએ તે દેખાય છે અને જે ન દેખાવા જોઈએ તે નથી દેખાતા. ગિરિરાજ સિંહે કહ્યું કે ભાજપે ફીલ ગુડમાં ન રહેવું જોઈએ. અટલજીના સમયે આપણે ફીલ ગુડ જોઈ લીધુ છે, જેનું ખુબ મોટું નુકસાન થાય છે. ગિરિરાજ સિંહે કહ્યું, અહીં જાતીય સમીકરણ બેસતું નથી. મુઘલો અને અંગ્રેજોએ હિન્દુઓને જાતિઓમાં તોડ્યા, જવાહરલાલ નહેરુએ પણ આ જ કામ કર્યું અને આજે પણ રાજનેતાઓ એ જ કરે છે. તેઓ હિન્દુઓને જાતિઓમાં તોડે છે અને સમીકરણથી વિપરિત નિર્ણય લે છે. તેના અંગે સ્થાનિક લોકોમાં નારાજગી છે. ગિરિરાજ સિંહે કહ્યું કે, આજે કાર્યકરો મને નારાજ દેખાય છે. જે સીટ આપણે ૫૦૦ મતથી હારી ગયા, તેને પણ આપણે બીજા પક્ષને આપી દીધી. આ અંગે કાર્યકરોમાં નારાજગી છે. સીટ ફાળવણીમાં બધા મોટા લોકો બેઠા છે. પરંતુ જે મગધમાં થવું જોઈએ, તે મિથિલાંચલમાં થઈ રહ્યું છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે, આજે લોકો સ્ટ્રાઈક રેટ દેખાડી રહ્યા છે, જે લોકો સ્ટ્રાઈક રેટની વાત કરે છે તેઓ ૨૦૧૦માં જયદેવ અને ભાજપનો સ્ટ્રાઈક રેટ જોઈ લે. હજુ પણ સમય છે, આપણે સમજી જવું જોઈએ.

### વિવાદોની વચ્ચે સરકારે લીધો મોટો નિર્ણય

# કેરળની સ્કૂલોમાં વિદ્યાર્થીનીઓને હિજાબ પહેરવાની છૂટ આપવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેરળમાં હવે વિદ્યાર્થીનીઓ સ્કૂલમાં હિજાબ પહેરીને જઈ શકશે. એક વિદ્યાર્થીનીએ હિજાબ પહેર્યો હતો જેને લઈને રાજ્યમાં મોટા પાયે વિવાદ થયો હતો. જોકે હવે આ વિવાદ બાદ રાજ્ય સરકાર દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં શાળામાં હવે વિદ્યાર્થીનીઓને હિજાબ પહેરવાની અનુમતિ આપી દેવામાં આવી છે. સમગ્ર મામલે કેરળના શિક્ષા મંત્રી વી. શિવન કુટ્ટીએ આ મામલે આદેશ આપ્યો જેમાં તેમણે વિદ્યાર્થીઓને શાળામાં હિજાબ પહેરવાની છૂટ આપી છે.

કેરળના શિક્ષણમંત્રી દ્વારા સ્કૂલની દરેક મુસ્લિમ વિદ્યાર્થીનીઓને હિજાબ સાથે ભણવાની પરવાનગી આપી છે. શિવનકુટ્ટીએ કહ્યું કે કેરળ સરકાર ધર્મનિરપેક્ષ મૂલ્યોને વધારો આપે છે. જેથી એવી કોઈ પણ વિદ્યાર્થીનીને ભણતા રોકવામાં નહીં આવે જેમણે હિજાબ પહેર્યો હશે.

વિદ્યાર્થીનીઓને આવી કઠોર પરિસ્થિતિનો સામનો નહીં કરવો પડે. થોડાક દિવસ પહેલા કોચ્ચિની એક સ્કૂલમાં આઠમા ધોરણની વિદ્યાર્થીની હિજાબ પહેરીને આવી હતી જેને લઈને ભારે વિવાદ થયો હતો. સ્કૂલનું કહેવું હતું કે તે ડ્રેસમાં ન હતી. જેથી તેને અંદર આવવાની પરવાનગી આપવામાં ન આવી શકે. જેથી વિદ્યાર્થીનીના માતા-પિતાએ આ વાતનો વિરોધ કર્યો કહ્યું કે આ તેમનો ધાર્મિક ડ્રેસ છે જેને તે ઉતારી નહીં શકે. આ મુદ્દે પછી ભારે વિવાદ થયો હતો. પરિસ્થિતિ એટલી વણસી ગઈ હતી કે સ્કૂલમાં ૨ દિવસની રજા આપવામાં આવી હતી. જોકે આ વિવાદોની વચ્ચે હવે કેરળની સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારે મુસ્લિમ વિદ્યાર્થીનીઓને શાળામાં હિજાબ સાથે અભ્યાસ કરવા માટે છૂટ આપી દીધી છે. જેથી આ મુદ્દો હાલ દેશમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.


**પશ્ચિમ રેલ્વે દ્વારા સાબરમતી ⇌ ગોરખપુર વચ્ચે એક અનારક્ષિત ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન ચલાવાશે.**

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખ | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| 09429 | સાબરમતી - ગોરખપુર (અનારક્ષિત સ્પેશિયલ) | 16.10.2025 થી 26.10.2025 | 8:50 કલાકે (ગુરુ., શુક્ર., અને રવિ.) | 10:00 કલાકે (બીજા દિવસે) |
| 09430 | ગોરખપુર - સાબરમતી (અનારક્ષિત સ્પેશિયલ) | 17.10.2025 થી 27.10.2025 | 13:00 કલાકે (શુક્ર., શનિ., અને સોમ.) | 15:30 કલાકે (બીજા દિવસે) |
| હોલ્ટ: મહેસાણા, પાલનપુર, આબુ રોડ, મારવાડ, અજમેર, જયપુર, ગાંધી નગર, જયપુર, દૌસા, બાંદિકુઇ, ભરતપુર, ઇદગાહ આગ્રા, ટુંડલા, ઇટાવા, ગોવિંદપુરી, ઉન્નાવ, લખનૌ જંક્શન, બારાબંકી, ગોંડા, માનકાપુર અને બસ્તી સ્ટેશન બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચ. | | | | |

મુસાફરો કૃપા કરીને સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ઉપરોક્ત ટ્રેન સ્પેશ્યલ ભાડા પર સ્પેશ્યલ ટ્રેન તરીકે ચલાવાશે.

પશ્ચિમ રેલ્વે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: X.com/WesternRly
અમને ફોલો કરો: Instagram/WesternRly

તમામ આરક્ષીત ટીકીટો માટે જરુરી ઓળખપત્ર સાથે રાખવું.

# તંત્રી લેખ......

## સંવેદનહીન મમતા

એક તરફ દેશમાં મહિલા સલામતીનો મામલો દિવસો દિવસ ચિંતાજનક સ્વરૂપ લઈ રહ્યો છે તેમ તેમ રાજકીય નેતાઓની આ મુદ્દે ઘટતી જતી સંવેદનશીલતા આ ચિંતાને જોખમી સ્વરૂપ આપી રહી છે. પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં મેડિકલ કોલેજની એક વિદ્યાર્થિનીની સાથે સામૂહિક દુષ્કર્મની ઘટનાના હચમચાવી મૂકે તેવા બનાવમાં રાજ્યના મુખ્યમંત્રીએ આપેલી પ્રતિક્રિયામાં ઊલટું પીડિતાને દોષી ઠેરવતી વાત કરીને દેશભરમાં ભારે ટીકા થઈ રહી છે. મમતા બેનર્જીએ જે રીતે આ વિદ્યાર્થિની રાતના સાડા બાર વાગ્યે મેડિકલ કોલેજના પરિસરમાં શા માટે ગઈ એવો સવાલ કરીને પોતાની સવેદનહીનતા છતી કરી છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ પોતાના રાજ્યનો બચાવ કરતા હોય તે રીતે એમ પણ કહ્યંઅ કે, છોકરીઓએ રાત્રે બહાર નીકળવું જોઈએ જ નહીં. સ્પષ્ટ છે કે, તેમનાં આવાં નિવેદનથી ગુનેગારોની હિંમત વધે છે. ખરેખર તો મમતાએ પીડિતા અને તેના પરિવારની પડખે રહીને તેમની વેદના હળવી કરવાના પ્રયાસ કરવા જોઈએ, પણ તેઓ તેમને જ દોષી ઠેરવી રહ્યા હોય એવો તાલ સર્જાયો છે. આમે પણ મમતા તેમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સામે સવાલ ઊભા કરે એવા પ્રસંગોએ પ્રમાણભાન વિસરી જતા રહ્યા છે. આવા કોઈ પણ પ્રસંગે તેઓ બેજવાબદારીભર્યાં નિવદેનો કરીને પોતાની સરકારનો યેનકેન પ્રકારે બચાવ કરવા મચી પડે છે. થોડા સમય અગાઉ કોલકાતાના પાર્ક સ્ટ્રીટ વિસ્તારમાં બનેલા દુષ્કર્મના બનાવે ભારે ચકચાર જગાવી હતી, ત્યારે પણ મમતાએ બનાવને પાયા વગરનો ગણાવીને તેને રાજ્ય સરકારને બદનામ કરવાના ઈરાદા સાથે સરખાવીને બચાવ કરવાના પ્રયાસ કર્યા હતા. સૌ કોઈ જાણે છે કે, ગયા વર્ષે કોલકાતાની આરજી કર મેડિકલ કોલેજના એક તબીબ સાથે દુષ્કર્મ બાદ તેમની હત્યા નીપજાવવાના ચકચારી કિસ્સામાં રાજ્યના પોલીસ અને વહીવટ તંત્રે આરંભમાં તો બનાવનો ઢાંકપિછોડો કરવાના પ્રયાસ કર્યા હતા, પણ તેનાથી દેશભરમાં ભારે રોષ જાગતાં રાજ્ય સરકારે બનાવની તપાસ સીબીઆઈને સોંપી હતી. આમ તો બંગાળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સતત બદતર રહી છે.

રાજકીય હિંસા માટે પંકાયેલા આ સંવેદનશીલ રાજ્યમાં સત્તાધારી તૃણમૂલ કોંગ્રેસના કાર્યકરો જે રીતે બેલગામ બન્યા છે તેનાથી દેશભરમાં સ્વાભાવિક રીતે ચિંતા વધી રહી છે, પરંતુ મહિલા સલામતી જેવા નાજૂક મામલે જે રીતે રાજ્ય સરકાર નરમ વલણ લઈને આંખ આડા કાન કરી રહી છે તેને કોઈ પણ રીતે વાજબી ઠેરવી શકાય તેમ નથી. ઉહાપોહ થયા બાદ મમતાએ તેમનાં નિવેદનને ફેરવી તોળ્યું છે, પણ જરૂરત તેમની માનસિકતાને બદલવાની છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીમાં આગઝરતી તેજીઃ ગોલ્ડ-ટેન વાયદો રૂ.૧.૨૭ લાખ અને ચાંદી-મિની વાયદો રૂ.૧.૬૪ લાખના સ્તરને પાર

## ક્રૂડ તેલના વાયદામાં સેંકડા ઘટ્યાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૭૮૦૬.૨૪ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૬૪૯૦૭.૮૪ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૯૮૨૩૫.૮૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૭૬૨ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૩૭૨૭૨૪.૬૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૭૮૦૬.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૬૪૯૦૭.૮૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૯૭૬૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૪૮૭૬.૨૯ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૯૮૨૩૫.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૦૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૬૯૩૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૨૪૨૪૩ના મથાળે અથડાઈ, રૂ.૧૨૪૬૨૯ના આગલા બંધ સામે રૂ.૧૨૫૧ના ઉછાળા સાથે રૂ.૧૨૫૮૮૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૪૮૮ વધી રૂ.૧૦૧૪૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૭૬ વધી રૂ.૧૨૬૭૫ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૬૮ વધી રૂ.૧૨૫૪૩૨ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫૯૦૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૧૪૯ અને નીચામાં રૂ.૧૨૪૨૨૨ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૪૩૭૩ના આગલા બંધ સામે રૂ.૧૫૭૭ના ઉછાળા સાથે રૂ.૧૨૫૯૫૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૫૨૫૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૨૭૦૦ના ઓલ ટાઈમ હાઈ અને નીચામાં રૂ.૧૫૪૧૧૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૬૪૫ના આગલા બંધ સામે રૂ.૪૧૨૭ના ઉછાળા સાથે રૂ.૧૫૮૭૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૫૧૭૧ વધી રૂ.૧૬૦૮૦૨ અને ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૫૨૨૬ વધી રૂ.૧૬૦૮૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧,૬૪,૩૨૮ અને ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૧,૬૪,૯૮૨ના ઓલ ટાઈમ હાઈને ઊંચામાં સ્પર્શ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૭૪૯.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૦૮૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૧૦૫ અને નીચામાં રૂ.૩૦૨૧ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫ ઘટી રૂ.૩૦૨૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૩૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૩૧૦ અને નીચામાં રૂ.૫૧૩૦ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૦૩ના આગલા બંધ સામે રૂ.૧૨૧ ઘટી રૂ.૫૧૮૨ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧૨૧ ઘટી રૂ.૫૧૮૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૫ ઘટી રૂ.૨૭૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૫.૨ ઘટી રૂ.૨૭૧.૩ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૪૫.૮ના ભાવે ખૂલી, ૨૦ પૈસા વધી રૂ.૯૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૫૫૪ના ભાવે ખૂલી, રૂ.૧૭વધી રૂ.૨૬૮૩ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૪૨૩૬૮.૪૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૫૮૬૭.૪૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૬૦૦.૧૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૧.૧૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૪.૦૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૮૪૮.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૫.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૪૨.૫૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૩૯૧.૨૧ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૨.૭૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૭૧૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૩૮૫૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૪૩૧૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૩૧૫૫૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૭૨૯૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૩૨૮૧૩ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૬૫૦૧૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૮૭૮૩૩ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૭૯૪ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૦૦૦ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૯૨૯૭ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૨૯૮૯૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૨૯૮ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૬૬૯ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૩૪ પોઈન્ટ વધી ૨૯૭૬૨ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૫.૨ ઘટી રૂ.૮૨.૧ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩ ઘટી રૂ.૮.૨૫ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૨૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨૧ વધી રૂ.૨૦૫૬.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૬૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૦૪ વધી રૂ.૪૭૫૦ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૪૯ ઘટી રૂ.૧૯.૫૫ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૪ પૈસા ઘટી રૂ.૨.૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૪.૭ વધી રૂ.૯૭.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૪૫ વધી રૂ.૧૧.૩ના ભાવે બોલાયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯.૫ વધી રૂ.૩૫૪ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૪૫ ઘટી રૂ.૩૧૬૦ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦.૫૩ વધી રૂ.૨૦.૪ થયો હતો. જસત ઓક્ટોબર રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૯૯ પૈસા વધી રૂ.૩.૩ થયો હતો.

# પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી-ગોરખપુર અને સાબરમતી-બેગુસરાય વચ્ચે અનારક્ષિત ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેનો

પશ્ચિમ રેલવે દ્વારા આવનારા દિવાળી અને છઠ પૂજા તહેવારો માટે મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને સાબરમતી-ગોરખપુર અને સાબરમતી-બેગુસરાય વચ્ચે અનારક્ષિત સ્પેશિયલ ટ્રેનો વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છેઃ

- ટ્રેન નંબર ૦૯૪૨૯/૦૯૪૩૦ સાબરમતી-ગોરખપુર ત્રિસાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર (૧૨ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૨૯ સાબરમતી-ગોરખપુર ત્રિસાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન સાબરમતીથી ૧૬ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૬ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દર ગુરુવાર, શુક્રવાર અને રવિવારે સવારે ૦૮:૫૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે સવારે ૧૦:૦૦ વાગ્યે ગોરખપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૩૦ ગોરખપુર-સાબરમતી ત્રિસાપ્તાહિક અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન ગોરખપુરથી ૧૭ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૭ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દર શુક્રવાર, શનિવાર અને સોમવારે બપોરે ૧૩:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા બીજા દિવસે બપોરે ૧૫:૩૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, મારવાડ જં., અજમેર, જયપુર, ગાંધી નગર જયપુર, દૌસા, બાંદીકુઈ જં., ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ઉન્નાવ, લખનૌ, બારાબંકી, ગોંડા, મનકાપુર અને બસ્તી સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં તમામ અનારક્ષિત શ્રેણીના કોચ રહેશે.

- ટ્રેન નંબર ૦૯૪૩૧/૦૯૪૩૨ સાબરમતી-બેગુસરાય અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર (૨૮ ફેરા)

ટ્રેન નંબર ૦૯૪૩૧ સાબરમતી-બેગુસરાય અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન સાબરમતીથી ૧૪ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૭ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દરરોજ બપોરે ૧૨:૦૫ વાગ્યે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે સવારે ૦૮:૦૦ વાગ્યે બેગુસરાય પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૩૨ બેગુસરાય-સાબરમતી અનારક્ષિત સ્પેશિયલ ટ્રેન બેગુસરાયથી ૧૬ ઑક્ટોબર ૨૦૨૫ થી ૨૯ ઑક્ટોબર ૨૦૨૫ સુધી દરરોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે સવારે ૦૫:૦૦ વાગ્યે સાબરમતી પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના, મારવાડ જં., બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, દૌસા, બાંદીકુઈ જં., ભરતપુર, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, સુબેદારગંજ, મિર્ઝાપુર, પં. દીન દયાળ ઉપાધ્યાય જં., બક્સર, આરા, દાનાપુર, પાટલિપુત્ર જં., સોનપુર, હાજીપુર અને બરૌની જં. સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં તમામ અનારક્ષિત શ્રેણીના કોચ રહેશે.

ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

# દિવાળીના તહેવારોમાં ગાંધીનગર જિલ્લા પોલીસ એક્શન મોડમાં : ૨૦ બાઈકર્સ,૨૫ પીસીઆર ટીમની વોચ



પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળીના તહેવારોમાં બંધ મકાનો, ફલેટ, બંગલા અને દુકાનો શોપીંગ સેન્ટરોમાં ચોરીના બનાવોને અટકાવવા તેમજ ચેઈન સ્નેચીંગ અને લુંટ કરનારા અસામાજિક તત્વોને કાયદાના સકંજામાં લેવા માટે ગાંધીનગર પોલીસે એકશન પ્લાન તૈયાર કર્યો છે. તે માટે ૨૦ બાઈકર્સ અને ૨૫ પીસીઆર ટીમને તૈયાર કરવામાં આવી છે. તે ખાસ સ્થળો પર તૈનાત રહેશે અને ભીડ થતી હોય તેવા ધાર્મિક અને સહેલગાહ ના સ્થળો ઉપર ફીટ કરાયેલા ૧ હજાર છુપા કેમેરાની બાજ નજર રહેશે અને તેના દ્વારા કંટ્રોલ રૂમમાં સતત મોનીટરીંગ થશે.

જિલ્લા પોલીસવડા રવી તેજા વાસમ શેટ્ટીએ ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે દિવાળીના તહેવારોમાં જો કોઈ પરીવાર લાંબા સમય માટે પોતાનુ ઘર બંધ કરીને બહારગામ જતો હોય તો નજીકના પોલીસ સ્ટેશન જાણ કરવા અપીલ છે. જેથી એ વિસ્તારોમાં બંધ મકાનોની સુરક્ષા માટે પેટ્રોલીંગ વધારવામાં આવશે. જો શકય બને તો મોશન સેન્સર્સ સીસીટીવી લગાવો, જે માટે પોલીસ પણ વેન્ડર થકી ઓછા ખર્ચે કેમેરા ફીટ કરાવવા મદદરૂપ થશે. ઉપરાંત જવેલર્સ એસોસીએશન, આંગડીયા પેઢીના સંચાલકો, બેંકો અને સોસાયટીના ચેરમેન સાથે બેઠકો યોજીને સુરક્ષા માર્ગદર્શન આપવામાં આવશે. ભીડ વાળા વિસ્તારો અને મુખ્ય પોઈન્ટ પર ના કુલ ૧ હજાર સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવશે. સંવેદનશીલ વિસ્તારો પર પોલીસનુ પેટ્રોલીંગ ચાલુ રહેશે. બજારોમાં ખરીદી માટે આવતા લોકોના કારણે ટ્રાફીકજામ ન થાય તે માટે વધારાના ટ્રાફીક પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવશે. તહેવારોમાં હાઈવે પર થતા અકસ્માતો અટકાવવા માટે પોલીસ પેટ્રોલીંગ વધારવામાં આવશે.

# જનરલ મેનેજર, પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ ડિવિઝનના બે કર્મચારીઓને સેફ્ટી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા





રેલવે સંરચનામાં સંરક્ષા સર્વોપરી છે અને તેને સુનિશ્ચિત કરવામાં દરેક કર્મચારીની તકેદારી અને તત્પરતા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી વિવેક કુમાર ગુપ્તાએ અમદાવાદ ડિવિઝનના બે કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્ય અને સંરક્ષા પ્રત્યેના સમર્પણ બદલ સંરક્ષા પુરસ્કારોથી સન્માનિત કર્યા. આ પુરસ્કારો સપ્ટેમ્બર ૨૦૨૫ માં ફરજ દરમિયાન સતર્કતા દર્શાવવા અને શક્ય અકસ્માતોને સમયસર ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા બદલ આપવામાં આવ્યા.

તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સ્ટેશન માસ્ટર શ્રી અજય કુમાર જૈસવાલ સાબરમતી સ્ટેશન પર રાત્રે ૨૨:૦૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધીની શિફ્ટમાં ફરજ પર હતા. જ્યારે ટ્રેન ૦૪:૫૦ વાગ્યે સ્ટેશનથી પસાર થઈ રહી હતી, ઓલરાઈટ એક્સચેન્જ દરમિયાન શ્રી જૈસવાલે ટ્રેનના પાછળના લોકોમોટિવ નંબર ૭૦૫૭૨ માં આગની જ્વાળાઓ જોઈ. તેઓએ તાત્કાલિક પોતાની સતર્કતાનો પરિચય બતાવી લોકો પાઈલટને ખતરાનો લાલ સંકેત બતાવ્યો, જેના પરિણામસ્વરૂપ લોકો પાઈલટે ડાઉન સ્ટાર્ટર ૫-૩૯ થી પહેલા ટ્રેનને રોકી દીધી. તપાસ કરતાં જાણવા મળ્યું કે બ્રેક બ્લોક જામ થઈ ગયો હતો જેના કારણે વધુ પડતી ગરમીને કારણે આગ લાગી હતી.

લોકો પાઈલટ દ્વારા બ્રેક બ્લોક છોડીને પરિસ્થિતિને કાબુમાં લીધી અને સવારે ૫:૧૫ વાગ્યે લોકોમોટિવને ફિટ જાહેર કરવામાં આવ્યું. શ્રી જૈસવાલની સમયસર કાર્યવાહી અને સતર્કતાને કારણે સંભવિત અકસ્માત ટાળી શકાયો અને મુસાફરોની સંરક્ષા સુનિશ્ચિત થઈ.

તેવી જ રીતે, શ્રી અરવિંદ પટેલ, જે ભૂતપૂર્વ સૈનિક છે, પાલનપુર સેક્શનમાં લેવલ ક્રોસિંગ ગેટ નંબર ૩૧, ૩૫ અને ૩૬ પર આરજી ગેટમેન તરીકે કાર્યરત છે. તારીખ ૦૨ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ તેઓ લેવલ ક્રોસિંગ નંબર ૩૫ 'સી' પર ફરજ પર હતા.તે જ સમયે, પાલનપુર-ભિલડી સેક્શનમાં અપ લાઈન પર માલગાડી ૧૬:૨૨ વાગ્યે ફાટક પરથી પસાર થઈ. ગાડીના બે ભારે ટ્રેનના ભાગો તૂટી ગયા અને લટકી ગયા અને લેવલ ક્રોસિંગના ચેકરેલમાં લગાવેલા લાકડાના બ્લોક સાથે અથડાયા પછી ફાટક પર પડી ગયા. શ્રી પટેલે તાત્કાલિક સતર્કતા દાખવી અને સિનિયર સેક્શન એન્જિનિયર (રેલપથ) ઈન્ચાર્જ શ્રી શિવરાજસિંહને જાણ કરી. ત્યારબાદ તેમણે આ માહિતી કંટ્રોલ, **TI-PNU** અને **BLDI, DEN (N) ADI,** અને **ADEN-PNU** ને પહોંચાડી. ચંડીસર સ્ટેશન પર ટ્રેનને રોકાવીને **C&W** વિભાગ દ્વારા તેનું નિરીક્ષણ કરવામાં આવ્યું. જેમાં ખામીયુક્ત કોચને અલગ કરી ટ્રેનને સુરક્ષિત રીતે આગળ જવા દેવામાં આવી. શ્રી અરવિંદ પટેલની ત્વરિત માહિતી અને સતર્કતાને કારણે, શક્ય અકસ્માત સમયસર અટકાવી શકાયો.

પશ્ચિમ રેલવેને પોતાના કર્તવ્યનિષ્ઠ અને સતર્ક કર્મચારીઓ પર ગર્વ છે, જેઓ તેમના સમર્પણ, શિસ્ત અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતાથી રેલવેની સંરક્ષા સંસ્કૃતિને મજબૂત બનાવે છે.

# મંત્રી મંડળના વિસર્જન પહેલા મંત્રીઓની કફોડી સ્થિતિ : દિવાળીકાર્ડ માં મંત્રી લખવુ કે ધારાસભ્ય

## સોશીયલ મીડીયા પર કોના નામો કપાશે તેની અનેક અટકળો ચાલી રહી છે : સંભવિત ફેરફારોની સીધી અસર મંત્રીઓના દિવાળીના કાર્યક્રમ પર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં હાલમાં મંત્રી મંડળના સંભવિત વિસર્જનની જોરદાર અટકળો ચાલી રહી છે. જેના કારણે વર્તમાન મંત્રીઓમાં ભારે મુંઝવણ પ્રવર્તી રહી છે.

પ્રદેશ પ્રમુખ તરીકે જગદીશ પંચાલની વરણી થયા બાદ હવે કેબિનેટમાં ફેરફારની શકયતાઓ બની છે. આ સંભવિત ફેરફારોની સીધી અસર મંત્રીઓના દિવાળીના કાર્યક્રમો પર જોવા મળી રહી છે. ખાસ કરીને દિવાળી શુભેચ્છા કાર્ડના ફોર્મેટ પર અસર જોવા મળી રહી છે.

નજીકના ભવિષ્યમાં તેમનુ પત્તુ કપાશે કે કેમ તે અંગેની અનિશ્ચિતતાને કારણે ઘણા મંત્રીઓ તેમના મતદારક્ષેત્રોમાં મોકલતા દિવાળી કાર્ડમાં શું લખવુ તે અંગે અવઢવમાં છે. મંત્રી તરીકે શુભેચ્છા પાઠવવી કે માત્ર ધારાસભ્ય તરીકે ? આ અંગેનો અંતિમ ભરોસો માત્ર હાઈકમાન્ડ પર હોવાથી મંત્રાલયોની ઓફીસોમાં ભેટ સોગાદો, પેન્ડીંગ કામો અને શુભેચ્છા મુલાકાતો પર અસર પડી રહી છે. સચિવાલય અને વિધાનસભા સંકુલમાં હાલમાં એક જ વાત ચર્ચાઈ રહી છે કે મંત્રી મંડળનુ વિસર્જન



દિવાળી પહેલા થશે કે દિવાળી પછી, કેટલાક મંત્રીઓને પોતાનુ પત્તુ કપાવવાનો સ્પષ્ટ અણસાર આવી ગયો છે તેના પરીણામે તેમની નિયુકિત પર આવેલા પીએ (પર્સનલ આસી.) અને અન્ય નિમણુંક પામેલા સ્ટાફે તો અત્યાર થી જ પોટલા બાંધવા (અન્ય જગ્યાએ જવાની તૈયારી કરવી ) શરૂ કરી દીધા હોવાના અહેવાલો છે. સચિવાલયમાં મોટા ભાગના ફોન કોલ્સમાં પણ હવે દિવાળી પછી ખબર પડે એ વાતને મહત્વ આપવામાં આવી રહ્યુ છે.

મંત્રીઓ અને તેમનો સ્ટાફ ગમે ત્યારે કોઈ ફોન કે યાદી બહાર પડે તેની રાહ જોઈને મોબાઈલ સ્ક્રીન પર મીટ માંડી રહ્યા છે. સચિવાલયના એક મંત્રીએ તો પોતાની મજબુરી વ્યકત કરતા મુખ્યમંત્રી ઓફીસમાં ફોન કરી પુછયુ હોવાનુ પણ જાણવા મળ્યુ છે કે અમારે દિવાળીના કાર્યક્રમોમાં મંત્રી લખીને આમંત્રણ આપવુ કે ધારાસભ્ય તરીકે, જેથી ખ્યાલ આવે કે અમારૂ પત્તુ કપાય છે કે નથી કપાતુ ? રાજનીતીજ્ઞો દ્વારા મંત્રીઓના કામ અને કૌભાંડોનુ મુલ્યાંકન કરીને વિસર્જનની આગાહીઓ કરવામાં આવી હતી.

સોશીયલ મીડીયા પર કોના નામો કપાશે તેની અનેક અટકળો ચાલી રહી છે. સક્રિય અને નિષ્ક્રિય મંત્રીઓના નામોની ચર્ચા હાલમાં સચિવાલય સંકુલની મુખ્ય ચર્ચા છે. જેની સીધી અસર દિવાળીના કાર્યક્રમો પર પણ પડી રહી છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

હર ઘર સ્વદેશી
ઘર-ઘર સ્વદેશી

# વિકાસ સપ્તાહ

૨૪ વર્ષ જનવિશ્વાસ, સેવા અને સમર્પણનાં

## વિકાસ સપ્તાહે લખ્યો વિશ્વાસનો અધ્યાય

**₹૨૮૮૫ કરોડ**થી વધુના વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં

**લોકાર્પણ** અને **ખાતમુહૂર્ત**



માનનીય મુખ્યમંત્રી

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના

વરદ્‌હસ્તે



"ગુજરાતનો હંમેશાં સંકલ્પ રહ્યો છે,
રાજ્યના વિકાસથી દેશનો વિકાસ,
**વિકસિત ભારત** માટે **વિકસિત ગુજરાત**..."

- **શ્રી નરેન્દ્રભાઈ મોદી**, માનનીય વડાપ્રધાન

ગરિમામયી ઉપસ્થિતિ

**શ્રી ઋષિકેશ પટેલ**

માનનીય મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને
તબીબી શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, કાયદો, ન્યાયતંત્ર,
વૈધાનિક અને સંસદીય બાબતો, ગુજરાત

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ₹ ૨૦૭૯ કરોડથી વધુના કુલ ૨૯૯ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



ગૃહ વિભાગના ₹ ૪૨ કરોડથી વધુના કુલ ૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ₹ ૨૫૨ કરોડથી વધુના કુલ ૬૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત



બંદરો અને વાહનવ્યવહાર વિભાગના ₹ ૨૩ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

પ્રાથમિક શિક્ષણ વિભાગના ₹ ૧૩૮ કરોડથી વધુના કુલ ૮૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ₹ ૪૦ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ₹ ૮૩ કરોડથી વધુના કુલ ૮ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

૧૦ IAS કોચિંગ સેન્ટરનો શુભારંભ




ઉદ્યોગ અને ખાણ વિભાગના ₹ ૩૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના ₹ ૮૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

ટેકનિકલ શિક્ષણ વિભાગના ₹ ૩૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ₹ ૫૪ કરોડથી વધુના કુલ ૪ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુહૂર્ત

પ્રવાસન વિભાગના ₹ ૨૧ કરોડથી વધુના કુલ ૨ વિકાસલક્ષી પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત

કાર્યક્રમ સ્થળ માટે સ્કેન કરો

૧૫ ઑક્ટોબર ૨૦૨૫, બુધવાર | સવારે ૧૦:૦૦ વાગે | મહાત્મા મંદિર, ગાંધીનગર

કાર્યક્રમનું જીવંત પ્રસારણ: CMOGuj | CMOGuj | CMOGujarat | CMOGujarat

# સેન્ટ્રલ જીએસટીના કલાસ-૧ અને કલાસ-૨ અધિકારીને ગુજરાત એસીબીની ટીમે રૂ.૨ હજાર ની લાંચ લેતા ઝડપી લીધા

પ્રતિનિધિ,ગાંધીનગર

૧૦-૧૫ હજારનો પગાર ધરાવતા કરાર આધારીત અને આઉટ સોર્સિંગવાળા ગુજરાત સરકારના કર્મચારીઓ મોટી રકમની લાંચ લેતા પકડાયાના અનેક ઉદાહરણ આવી ચુકયા છે. એસીબી ગુજરાતની ટીમે વાપી-વલસાડ સીજીએસટી ઓફીસમાં ગોઠવેલી એક ટ્રેપમાં કેન્દ્ર સરકારના કલાસ-૧ અને કલાસ-૨ એમ ૨ અધિકારીઓ સામાન્ય ૨ હજારની રૂપીયાની લાંચ લેતા ઝડપી લીધા છે.




કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલયના રેવન્યુ વિભાગમાં આવતા સેન્ટ્રલ જીએસટી કચેરી (વાપી વલસાડ) એ ફુલ છોડના કુંડાનો ઓર્ડર આપ્યો હતો. ઓર્ડર અનુસાર ૨૯ હજાર રૂપીયાના ફુલ છોડના કુંડા મોકલી આપનાર વ્યકિતએ ૨૯ હજારનુ બીલ સીજીએસટી ઓફીસ વાપી-વલસાડમાં આપ્યુ હતું. બીલ મંજુર કરવા પેટે અધિકારીઓએ ૨ હજાર રૂપીયાની લાંચ માંગતા ફરીયાદીએ એસીબી ગુજરાતનો સંપર્ક કર્યો હતો. વલસાડ અને ડાંગ એસીબી પોલીસ સ્ટેશનના પીઆઈ એસ એન ગોહિલે આજે મંગળવારે વાપી સીજીએસટી કચેરી ખાતે ટ્રેપ ગોઠવી હતી. જે ટ્રેપ દરમિયાન એકાઉન્ટ ઓફીસર રવિશંકર ઝા (વર્ગ-૧) ની ઉપસ્થિતિમાં તેમની જ ઓફીસમાં આસી.એકાઉન્ટ ઓફીસર કપીલ જૈને (વર્ગ-૨) હેતુલક્ષી વાતચીત કરી રૂપીયા ૨ હજારની લાંચ સ્વીકારી હતી. આથી ટીમ એસીબીએ બંનેની ધરપકડ કરી લીધી હતી.

માત્ર ૨ હજાર રૂપીયાની લાંચ લેવાના મામલામાં સેન્ટ્રલ જીએસટીના કલાસ-૧ અને કલાસ-૨ એમ બે અધિકારી પકડાતા તેઓ રડવા લાગ્યા હતા, ૪૭ વર્ષીય એકાઉન્ટ ઓફીસર રવિશંકર શ્યામાકાંત ઝા વર્ષ ૨૦૦૬ થી સરકારી નોકરીમાં છે અને તેમનો પગાર રૂપીયા ૧ લાખ છે, જયારે ૩૫ વર્ષીય આસી.એકાઉન્ટ ઓફીસર કપીલ જૈન વર્ષ ૨૦૧૬ થી ફરજ બજાવી રહ્યા છે અને હાલમાં ૮૦ હજારનો માસિક પગાર મેળવી રહ્યા છે,

# અમદાવાદ સેશન્સ કોર્ટમાં જજ પર જુતું ફેંકાયું: અપીલ કાઢી નાંખતા ફરીયાદીએ કૃત્ય કર્યુ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદની સેશન્સ કોર્ટમાં આજે મંગળવારે શરમજનક ઘટના બની હતી, એડી. પ્રિન્સિપલ જજ એમ પી પુરોહીત પર એક ફરીયાદીએ જુતુ ફેંકયુ હતું. કોર્ટ પરીસરમાં પણ અફરા તફરી મચી ગઈ હતી. આ ઘટનાથી સુરક્ષા વ્યવસ્થા અંગે અનેક સવાલો ઉઠયા છે.




મળતી માહિતી અનુસાર અમદાવાદની સેશન્સ કોર્ટમાં ફરીયાદીની અપીલ પર સુનાવણી ચાલતી હતી. એડી. પ્રિન્સિપલ જજ એમપી પુરોહિતે અપીલ કાઢી નાંખતા ફરીયાદી રોષે ભરાયો હતો. ઉશ્કેરાયેલા ફરીયાદીએ પોતાની જગ્યાએ ઉભો રહીને ગુસ્સા ભર્યા અવાજમાં જજ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી અને બાદમાં પોતાના પગમાંથી જુતુ ઉતારી સીધુ જજ તરફ ફેંકી દીધુ હતું. આ કૃત્ય થી ન્યાયાલયમાં હાજર લોકો ચોંકી ઉઠયા હતા. જો કે કોર્ટમાં હાજર રહેલા સુરક્ષા કર્મીઓ તુરંતજ હરકતમાં આવી ગયા હતા અને જુતુ ફેંકનાર શખ્સની અટકાયત કરી લીધી હતી. પોલીસે આ અંગે વધુ તપાસ શરૂ કરી છે. ઘટનાને પગલે કોર્ટ પરીસરમાં પોલીસ બંદોબસ્ત કડક કરાયો હતો. અન્ય ન્યાયાધીશો અને વકીલોએ આવી હરકતને કાયદા પર હુમલો થયો હોવાનુ કહી ઘટના અંગે રોષ ઠાલવ્યો હતો.

સુરક્ષા વ્યવસ્થા મુદ્દે પણ ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે કે ન્યાય ના મંદિરમાં આવી ઘટના કેવી રીતે બની ? ન્યાયતંત્રની ગરીમા સાચવવી એ દેશના દરેક નાગરીકની ફરજ છે. ન્યાયાધીશ સમક્ષ આ પ્રકારની હરકત કરવી એ કયારેય ના ચલાવી લેવાય તેવુ કોર્ટમાં હાજર વકીલો અને ન્યાયાધીશોમાં ચર્ચા ઉઠી હતી. તાજેતરમાં દેશની સુપ્રિમ કોર્ટમાં પણ આ પ્રકારનો બનાવ બન્યો હતો.

# મંત્રી જે ને સૌ જાણે છે તેમની સીધી સંડોવણી છે : વિપક્ષના નેતા તુષાર ચૌધરીના ભાજપના મંત્રી પર કૌભાંડનો ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા તુષાર ચૌધરીએ રાજય સરકાર પર સતત ભ્રષ્ટાચાર અને અન્યાયના ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જમીન સંપાદનના કૌભાંડથી લઈને ખેડુતોની પરીસ્થિતિ સુધી અનેક મુદ્દાઓને લઈ સરકાર સામે ગંભીર આક્ષેપો કર્યા છે. ઓલપાડ પાવરગ્રીડ પ્રોજેકટમાં કૌભાંડનો આક્ષેપ કરતા તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે ઓલપાડ ખાતે પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા ૬૬૫ કે વી લાઈન માટે જમીન સંપાદન પ્રક્રિયા શંકાસ્પદ રીતે ઝડપથી પુર્ણ કરવામાં આવી છે.




તેમણે ખુલાસો કર્યો હતો કે માત્ર ૧૪ દિવસમાં ૮૭ વિઘા જમીન બિનખેતી બનાવી દેવામાં આવી, જે કાયદેસર રીતે શકય જ નથી. મંત્રી જે ને સૌ જાણે છે તેમની સીધી સંડોવણી છે, જમીનનુ વળતર જો ખેતીવાડી દરે આપવાનો હોત તો માત્ર રૂપીયા ૫૯ કરોડ લાગત, પરંતુ હવે પાવરગ્રીડ કોર્પોરેશનને રૂપીયા ૧૧૫ કરોડ સુધી ચુકવવા પડી શકે છે. એટલે કે ૫૬ કરોડ રૂપીયાનો ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ કર્યો છે. તેમણે આરોપ મુકયો કે ઓલપાડના ધારાસભ્ય અને મંત્રી જે ને સૌ જાણે છે તેમની સીધી સંડોવણી છે, મંત્રીઓના મળતીયા અને અધિકારીઓ અગાઉથી જમીન ખરીદીને ભાવ વધારવાનુ ષડયંત્ર રચે છે, સર્વે નંબર અને દસ્તાવેજી પુરાવા અમારી પાસે છે, બોટાદના હડદડ ગામના ખેડુત મુદ્દે કોંગ્રેસની સાથેદારી બોટાદના હડદડ ગામમાં થયેલા ખેડુત અને પોલીસ વચ્ચેના ઘર્ષણ મામલે પણ તુષાર ચૌધરીએ મૌન તોડી કહ્યુ હતુ કે કોંગ્રેસ હંમેશા ખેડુતોની સાથે રહી છે, અત્યાચાર સામે કોંગ્રેસે અવાજ ઉઠાવ્યો અને નેતાની ધરપકડ સુધી રજુઆત કરી છે. ભાજપના ધારાસભ્યોને એટલી હિંમત જ નથી કે ખેડુતોના પ્રશ્નો પર પોલીસ સામે ઉભા રહી શકે, જો મુખ્યમંત્રી પણ બદલાઈ જાય તો નવાઈ નહી, કારણ કે હાલ સરકારની અંદર અસ્થિરતા છે. તો બીજી તરફ જેના રાજ માં બહેન દિકરીઓ સલામત નથી, ગુજરાતમાં દિન દહાડે હત્યા, લુંટ, બળાત્કાર અને છેડતી જેવા બનાવો બની રહ્યા છે તેવા માનીતા ગૃહમંત્રીને ભાજપ સરકાર પ્રમોશન આપવા જઈ રહી છે. ત્યારે આ ભાજપ સરકારને પ્રજાની ચિંતા નથી તેનાથી વધુ માનીતા ધારાસભ્યોને સાચવવાની ચિંતા છે. હાલ અડધુ મંત્રી મંડળ અમારૂ જ છે જે કોંગ્રેસમાંથી ભાજપમાં ગયા છે તેઓ મહત્વના ખાતાઓના મંત્રી છે. સુરતમાં રહેણાંક વિસ્તારોમાં ઔદ્યોગિક ગેરરીતીઓનો આક્ષેપ સુરત મહાનગરપાલિકા સંદર્ભે તુષાર ચૌધરીએ જણાવ્યુ હતુ કે રહેણાંક વિસ્તારોમાં કોટેજ ઈન્ડસ્ટ્રીઝ માટે મંજુરી આપવામાં આવી છે. માત્ર ૫ માળ સુધીની પરવાનગી હોવા છતાં વધારે ઉંચી બિલ્ડીંગો ઉભી થાય છે. આવી ઈન્ડસ્ટ્રીઝના કારણે સ્થાનિક લોકોને અનેક તકલીફો પડે છે.

# અરવલ્લી જિલ્લાના બાયડમાં યોજાયેલા કૃષિ મહોત્સવની પત્રિકામાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનુ નામ કપાયું: ધારાસભ્ય ધવલસિંહે અધિકારીઓનો લીધો ઉધડો

પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લામાં કૃષિ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતું. બાયડના સાઠંબા ખાતેના કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં વિવાદ બહાર આવ્યો છે, આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકામાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલાનુ નામ કપાતા વિવાદ સર્જાયો છે. આમંત્રણ પત્રિકામાં ધારાસભ્ય ધવલસિંહ ઝાલા, તાલુકા પંચાયતના પ્રમુખ અને નગરપાલિકાના પ્રમુખનુ નામ નહી છપાતા રોષ ફેલાયો છે.



મળતી માહિતી મુજબ અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સાઠંબામાં કૃષિ મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકામાં ધારાસભ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ અને નગરપાલિકાના પ્રમુખનુ નામ નહી છપાતા રોષ ફેલાયો હતો. બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ નામ કપાતા અધિકારીઓનો ઉધડો લીધો હતો. જિલ્લા સ્તરના કાર્યક્રમની પત્રિકામાં નામ નહી છપાતા રાજકીય ચર્ચાઓએ વેગ પકડયો છે. સાઠંબામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત યોજાયેલ કૃષિ મહોત્સવ કાર્યક્રમની પત્રિકામાં માત્ર જિલ્લા પંચાયતના પ્રમુખનુ મુખ્ય મહેમાન તરીકે નામ હતું, જિલ્લા સ્તરના કાર્યક્રમમાં ધારાસભ્ય, તાલુકા પંચાયતના પ્રમુખ અને નગરપાલિકાના પ્રમુખનુ નામ નહી લખાતા રાજકીય ચર્ચાઓ તેજ બની છે. સમગ્ર બાબતે બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અધિકારીઓનો ઉધડો લીધો હતો. તેમણે કહ્યુ હતુ કે જયાં માન ન હોય ત્યાં જવાય જ નહી,

# બોટાદ ભાજપનુ રાજકારણ : પાટીલની ભુલ પક્ષને નડી: અંદરખાને પૂર્વ મંત્રીનો સપોર્ટ હોવાનુ ચર્ચાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

ખેડુતો જયારે માર્કેટીંગયાર્ડમાં ખેત પેદાશો વેચવા જાય ત્યારે ભાજપના મળતીયાઓ ખેતપેદાશોમાં કડદો કાઢીને ખેડુતોને લુંટે છે. બોટાદ ખેત ઉત્પન્ન બજાર સમિતિના અધ્યક્ષ મનહર માતરીયા અને ઉપાધ્યક્ષ છના કેરાળીયા ભાજપના નેતાઓ છે, મનહર માતરીયાએ ભાજપને છોડતી વખતે જાહેર કર્યુ હતુ કે ઉર્જા મંત્રી રહેલા સૌરભ દલાલને કારણે તેઓ પક્ષ છોડે છે, બોટાદ ભાજપના મનહર પોતે મહામંત્રી હતા, પછી દલાલની ટીકીટ કપાઈ અને તેઓ ફરી ભાજપમાં આવ્યા અને તેમને ખેત બજાર સમિતિના અધ્યક્ષ બનાવી દેવાયા હતા. આવુ માનવામાં આવે છે કે આંદોલનને છુપો ટેકો દલાલ નો પણ રહ્યો હતો. બંનેને ભાજપે પસંદ કર્યા ત્યારે તેમણે જાહેર કર્યુ હતુ કે ખેડુતોને અન્યાય નહી થવા દઉ, પણ તેમના સમયમાં જ ખેડુતોએ અન્યાય સામે સૌથી મોટુ આંદોલન કર્યુ હતું. બોટાદની ઘટનાને શરૂઆત થી જ અંકુશમાં લઈ શકાય એવી સરળ હતી. માત્ર ખેડુતની તરફેણમાં કહ્યુ હોત કે કડદો બંધ કરીએ છીએ, તો ત્યાંજ વિવાદ પુરો થઈ જતો હતો. કોઈ ભાજપના આગેવાનોને રસ ન હતો. તો બોટાદમાં ખેડુતોનો પ્રશ્ન હલ કરે, આ બધુ થયુ છે તેનાથી બોટાદ ભાજપના મોટા ભાગના આગેવાનો અંદરથી રાજી થયા છે, આમ આદમી પાર્ટી કે કોંગ્રેસ કરતા ભાજપના નાખુશ લોકો વધારે ખુશ થયા છે. તેઓ માની રહ્યા છે કે હવે સાફ સુફી થશે કડદો તો ગુજરાતમાં બધી જગ્યાએ થાય છે જ, હવે ખેડુતો ૨૨૦ માર્કેટીંગયાર્ડોમાં ખેડુતો લુંટ સામે કહેતા થશે કે બોટાદવાળી થશે. બોટાદ જિલ્લા ભાજપના કોઈ પ્રભારી પાટીલે નિયુકત કર્યા નથી. અગાઉ ૩ જિલ્લા પ્રમુખો બદલાયા હતા. જે ટર્મ પુરી કરી શકયા ન હતા. ભાજપનુ ડર્ટી પોલીટીકસ થઈ ગયુ છે, વરીષ્ઠ આગેવાનો છે તેઓ નિષ્ક્રિય થઈ ગયા છે. જયારથી પાટીલ પ્રદેશ પ્રમુખ બન્યા ત્યારથી બોટાદમાં ભાજપ પક્ષ નિષ્ક્રિય થઈ ગયો છે. પાટીલ કોઈને ગણતા ન હતા અને સુરતથી તેઓ બોટાદ ચલાવતા હતા. સુરતની શ્રીમંત લોબી કહે તેની નિયુકિત બોટાદમાં મળતી હતી. ઘનશ્યામ વિરાણીને ટીકીટ પણ સુરતની બોટાદ લોકોના કહેવાથી ટીકીટ આપી હતી અને તેઓ હાર્યા હતા. જો સૌરભ દલાલ ઉમેદવાર હોત તો આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચુંટાયા ન હોત. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય મુળ ભાજપના જ છે. તેઓ ભાજપમાં જવા તૈયારી કરી રહ્યા હતા પણ બોટાદમાં જે થયુ તેના કારણે હવે તેઓ ફરીથી વિચાર કરી શકે છે, જિલ્લાના પ્રમુખ મયુર પટેલ વોર્ડના પ્રમુખ તરીકે પણ ચાલી શકે તેમ નથી. પણ પાટીલ સુરત થી બોટાદને ચલાવતા રહ્યા. તેમણે મયુરની નિમણુંક કરી હતી. મયુર સામે ભાજપના નેતાઓનો ભારે વિરોધ છે, ૬ માર્ચ ૨૦૨૫ ના રોજ બોટાદ જિલ્લા પ્રમુખ તરીકે બીજી મુદત માટે ૪૨ વરસના મયુર મનજી પટેલની નિમણુંક કરવામાં આવી હતી, તેઓ અગાઉ જિલ્લા મંત્રી, કિસાન મોરચાના મહામંત્રી અને મંડલ પ્રમુખ તરીકે સંગઠનમાં હતા. માર્ચ ૨૦૨૩ માં તેઓને પ્રથમ વખત પ્રમુખ બનાવાયા હતા. ૨૦૨૩ માં બોટાદ શહેર ભાજપ મહામંત્રી રૂપા રાઠોડે રાજીનામુ આપી દીધુ ત્યારે તેમણે શહેર સંગઠનમાં પ્રમુખ ચંદ્રકાંત સાવલીયા સામે વાંધો હતો. સાથે રાખતા નહી વિશ્વાસમાં રાખતા નથી જેના કારણે કાર્યકરો પણ નારાજ રહેતા હોય ત્યારે રાજીનામુ આપવા પાછળ શહેર સંગઠનના પ્રમુખ પર આક્ષેપ કર્યા હતા. નગરપાલિકામાં ૪૪ માં થી ૪૦ સીટો ભાજપની મળી છતાં આજે સુપરસીડ હોવા પાછળ પણ શહેર સંગઠનને જવાબદાર ગણાવ્યુ હતું. શહેર ભાજપ સંગઠનને બદલવુ જોઈએ તેવી પણ માંગ કરી છે. પણ જો બોટાદ શહેર સંગઠનને બદલવામાં નહી આવે તો આગામી દિવસોમાં આવનાર માર્કેટીંગયાર્ડની ચુંટણીમાં પણ નુકશાન જશે.

# અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ભાજપના નવનિયુકત પ્રમુખના સન્માન સમારોહમાં શિક્ષકોને હાજર રહેવા ફરમાન સામે ઉગ્ર રોષ

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ વધુ એક તઘલખી આદેશ બહાર પાડતા શિક્ષણ જગતમાં રોષ જોવા મળી રહ્યો છે. શિક્ષણાધિકારી દ્વારા ભાજપના નવ નિયુકત પ્રમુખના સન્માન સમારોહમાં શિક્ષકોને હાજર રહેવા ફરમાન આપવામાં આવ્યુ છે. ભાજપના નવનિયુકત પ્રમુખના સન્માન સમારોહમાં ઓછામાં ઓછા ૨ શિક્ષકોને મોકલવા શાળાઓને આદેશ કર્યો છે.




અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ભાજપના નવનિયુકત પ્રમુખના સન્માન સમારોહમાં ઓછામાં ઓછા ૨ શિક્ષકોને મોકલવા શાળાઓને આદેશ કર્યો છે. જેના કારણે શિક્ષકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ભાજપના પ્રમુખના કાર્યક્રમમાં શિક્ષકો કેમ હાજર રહે તેવો પ્રશ્ન કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારીના ફરમાન પર કોંગ્રેસ પ્રવકતા હેમાંગ રાવલે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ગુજરાતના શિક્ષણની અધોગતિ થઈ રહી છે, તેવામાં શિક્ષકોને પ્રદેશ પ્રમુખના સન્માન સમારોહમાં હાજર રહેવાનો આદેશ અયોગ્ય છે. તેમણે કહ્યુ હતુ કે ગુજરાતના શિક્ષકોને ૮૦ ટકા બિનઅધિકૃત કામગીરી સોંપાય છે. જેના કારણે શિક્ષણની સ્થિતિ કથળી રહી છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકારના પરખ રીપોર્ટમાં ગુજરાતના શિક્ષણની સ્થિતિ અંગેનો અહેવાલ આવ્યો છે. જેમાં શ્રેષ્ઠ શિક્ષણ બાબતે દેશના ટોપ ૧૦ રાજયોમાંથી ગુજરાત રાજય બાકાત છે.

ઉલ્લેખનીય છે કે ૧૭ ઓકટોબરે અમદાવાદ ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો સન્માન સમારોહ યોજાવવાનો છે. હેમાંગ રાવલે કહ્યુ હતુ કે ભાજપના પ્રદેશ પ્રમુખના સન્માન સમારોહના કારણે વિદ્યાર્થીઓનુ શિક્ષણ છીનવાઈ રહ્યુ છે. હેમાંગ રાવલે તો એમ પણ કહ્યુ કે જગદીશ વિશ્વકર્માએ સ્વયં જાહેરાત કરવી જોઈએ કે સન્માન સમારોહમાં શિક્ષકો ન આવવા જોઈએ.

# ભુપેન્દ્ર પટેલની સરકારના મંત્રી મંડળ વિસ્તરણની વાતો વચ્ચે પૂર્વ મંત્રી જીતુ વાઘાણી અને ગૃહમંત્રી વિરૂધ્ધ ભાજપમાં ભડકો થાય તેવી શકયતા

## પૂર્વ મંત્રી જીતુ વાઘાણી મંત્રી મંડળમાં હતા ત્યારે શિક્ષણ વિભાગના આંદોલનોને ડેમેજ કંટ્રોલ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાની ચર્ચાઓ : ગૃહમંત્રીના રાજ માં કાયદો વ્યવસ્થા કથળી હોવાને લઈ ભાજપમાં અંદરખાને વિરોધ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના મંત્રી મંડળના વિસ્તરણને લઈને ચર્ચાએ જોર પકડયુ છે. તા. ૧૫ અથવા ૧૬ ઓકટોબરે મંત્રી મંડળનુ વિસ્તરણ થશે તેવી વાતો વહેતી થઈ છે. ગઈ કાલની ૫ કલાકની મેરેથોન બેઠકમાં મંત્રી મંડળ વિસ્તરણની યાદી તૈયાર કરાઈ હતી. યાદી બહાર આવ્યા બાદ ગૃહમંત્રી અને પૂર્વ શિક્ષણમંત્રી વિરૂધ્ધ ભાજપમાં વિરોધ ઉઠી રહ્યો છે. કારણ કે પૂર્વ શિક્ષણમંત્રી જીતુ વાઘાણી ના રાજમાં શિક્ષણ વિભાગના આંદોલનોને ડેમેજ કંટ્રોલ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાની ચર્ચાએ જોર પકડયુ છે તો બીજી તરફ હાલમાં ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા કથળી રહી છે. ત્યારે ગૃહમંત્રી હર્ષ સંઘવીને પ્રમોશન આપવાને લઈને પણ ભાજપમાં અંદરખાને વિરોધનો વંટોળ ઉભો થયો છે જેની ચર્ચાએ જોર પકડયુ છે.



વિકાસ સપ્તાહની આજે પુર્ણાહુતી બાદ વિસ્તરણની શકયતા છે. વિસ્તરણ બાદ ગુરૂવારે કેબિનેટની બેઠક મળે તેવી શકયતા છે. વિસ્તરણની સાથે સાથે ખાતાઓની ફેરબદલ પણ નકકી કરાશે. કેટલાક રાજય કક્ષાના મંત્રીઓને પ્રમોશન મળશે તેવી પણ શકયતા છે. મંત્રી મંડળમાં સામેલ હાલના ૬ મંત્રીઓને પડતા મુકાશે તે વાત નિશ્ચિત છે. બચુ ખાબડને પણ પડતા મુકાય તે નિશ્ચિત છે. ઉપરાંત ભીખુસિંહ પરમારને પણ પડતા મુકાય તેવી શકયતા છે. ઉપરાંત ભાનુબેન બાબરીયાની પણ બાદબાકી થઈ શકે છે. સુત્રો એવુ પણ કહી રહ્યા છે કે સાબરકાંઠા જિલ્લામાંથી મંત્રી મંડળમાં બાદબાકી કરવામાં આવતા જિલ્લા ભાજપના કાર્યકરોમાં રોષ વ્યાપી ઉઠયો છે. કારણ કે જિલ્લામાંથી ૩ બેઠકો ભાજપને ખોબેખોબા મત આપી જીતાડીને મોકલી હોવા છતાં જિલ્લામાંથી મંત્રી મંડળમાં બાદબાકી કરવામાં આવતા કાર્યકરોમાં નારાજગી જોવા મળી રહી છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ હાલના ૧૭ પૈકીના ૧૦ થી ૧૧ મંત્રીઓને પડતા મુકાશે. ૧૬ થી ૧૭ નવા ધારાસભ્યોને મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે. વર્તમાન મંત્રી મંડળમાં મુખ્યમંત્રી સહિત ૩ રીપીટ થશે. ભુપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, પ્રફુલ પાનસેરીયા યથાવત રહેશે. ઉલ્લેખનીય છે કે હર્ષ સંઘવી અને પ્રફુલ પાનસેરીયાને કેબિનેટ મંત્રીનુ પ્રમોશન મળી શકે છે. જીતુ વાઘાણી, અર્જુન મોઢવાડીયાને મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે.

તો બીજી તરફ ચૈતન્યસિંહ ઝાલા, અરવલ્લી જિલ્લામાંથી પી સી બરંડાને મંત્રી મંડળમાં સ્થાન મળી શકે છે, ઉપરાંત ઉદય કાનગડ, પ્રદ્યુમન વાજા, દર્શનાબેન દેશમુખ નો મંત્રી મંડળમાં સમાવેશ થઈ શકે છે. કનુભાઈ દેસાઈ, રાઘવજી પટેલ, કુબેર ડીંડોર, ભાનુબેન બાબરીયાને મંત્રી મંડળમાંથી પડતા મુકાશે , તો બીજી તરફ મુકેશ પટેલ, બળવંતસિંહ રાજપુતની પણ મંત્રી મંડળમાંથી બાદબાકી થાય તેવી શકયતાઓ છે. પ્રદેશ અધ્યક્ષ બનતા જગદીશ વિશ્વકર્માની મંત્રી મંડળમાંથી બાદબાકી થશે તો નવા ૧૦ થી ૧૧ ધારાસભ્યોનો મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવશે. જેમાં જયેશ રાદડીયાનુ નામ પણ નકકી છે, રીવાબા જાડેજાની ભુપેન્દ્ર પટેલ મંત્રી મંડળમાં એન્ટ્રી થઈ શકે છે.અલ્પેશ ઠાકોરનુ નામ પણ ચર્ચાઈ રહ્યુ છે. પ્રદેશ ભાજપના નવા સંગઠનને લઈને યાદી તૈયાર થઈ ચુકી છે. મંત્રી મંડળના વિસ્તરણની ચર્ચા વચ્ચે કોંગ્રેસ નેતા એ પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ નેતા ડો. તુષાર ચૌધરીએ કહ્યુ હતુ કે ૧૬૨ સીટ સાથેની પૂર્ણ બહુમતી ભાજપ પાસે છે, કોઈપણ હાથી ને બહાર કાઢીને ઘોડાને મુકી શકે છે, ભાજપના એક પણ ધારાસભ્ય માં બોલવાની હિંમત નથી. કોઈને અન્યાય થાય કે ન્યાય મળે તે માટે કોઈ બોલી શકતુ નથી. ૬ મહિના પછી ફરીથી પણ મંત્રી મંડળ બદલી શકે છે. કારણ કે હાલમાં ભાજપમાં ચારેય તરફ લોકજુવાળ ઉઠી છે. આગામી સમયમાં વિધાનસભાની ચુંટણીઓ આવી રહી છે ત્યારે હાલમાં કેટલાક મંત્રીઓની છબી ખરડાઈ હોવા છતાં મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવતા ભાજપમાં ભુકંપ સર્જાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# ગુજરાતના સુશાસનના દાવાઓ વચ્ચે મોટો ખુલાસો: રાજયની ૮ મહાનગરપાલિકાઓનુ ૭ વરસથી ઓડીટ થયુ નથી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સુશાસનના દાવાઓ વચ્ચે એક મોટો ખુલાસો થયો છે. રાજયની ૮ મોટી મહાનગરપાલિકાઓમાં છેલ્લા ઘણા વરસોથી ઓડીટ કરવામાં આવ્યુ નથી. આઈટીઆઈ દ્વારા મળેલી જાણકારી મુજબ અમદાવાદ, વડોદરા અને સુરત મહાનગરપાલિકાઓનુ છેલ્લા ૭ વરસથી ઓડીટ થયુ નથી.



રાજયના જાણીતા અર્થશાસ્ત્રી પ્રોફેસર હેમંત શાહે જણાવ્યુ હતુ કે સરકારી ઓડીટ દર વરસે ફરજીયાત છે અને આવુ ન કરવુ એ કાયદાનુ ઉલ્લંઘન છે. તેમણે કહ્યુ કે સુશાસનનો અર્થ પારદર્શિતા છે. પરંતુ ગુજરાતમાં જનતાના ટેક્ષમાંથી એકત્ર થયેલા પૈસાનો હિસાબ વિના જ ખર્ચ થઈ રહ્યો છે. શાહ ના મતે સરકારે બે લાખ કરોડ રૂપીયાના ખર્ચનો હિસાબ છુપાવીને લગભગ બે કરોડ લોકોને છેતર્યા છે. અમદાવાદ, વડોદરા અને સુરતમાં લગભગ દોઢ કરોડ લોકો વસે છે, આ મહાનગરપાલિકાઓનુ વાર્ષિક બજેટ રૂપીયા ૧૦ હજાર કરોડ થી રૂપીયા ૧૨ હજાર કરોડની વચ્ચે છે.અમદાવાદ, વડોદરા અને સુરત ૭ વરસ, રાજકોટ નુ ૬ વરસ, જામનગર અને ભાવનગરનુ ૫ વરસ તથા જુનાગઢ અને ગાંધીનગરનુ ૪ વરસથી ઓડીટ થયુ નથી. પ્રોફેસર શાહે જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧ માં એવુ નકકી થયુ હતુ કે ૮ મહાનગરપાલિકાઓનુ ઓડીટ સ્થાનિક નીધી લેખા મહાનિરીક્ષક દ્વારા કેગના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. પરંતુ ૧૪ વરસમાં ૭ વરસનુ ઓડીટ અત્યાર સુધી થયુ નથી. તેમણે મહાનગરપાલિકાઓની બેદરકારી અને સમયસર હિસાબ ન આપવાને કારણે પારદર્શિતાનો અભાવ પેદા થયો હોવાનુ જણાવ્યુ હતું. આ મામલે સરકાર તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યુ નથી. મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યુ હતુ કે હાલમાં ૨૦૧૮-૧૯ નુ ઓડીટ કાર્ય ચાલી રહ્યુ છે અને રીપોર્ટ પછીથી રજુ કરવામાં આવશે.